ફોજદારી કેસ નંબરઃ73998–2024

**– આંકઃ૦૧ લગત હુકમ –**

---

**૧.** કેસ રેકર્ડ વંચાણે લીધુ. સરકારપક્ષે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા તથા આંકઃ૦૧ થી રજૂ થયેલ ચાર્જશીટ તેમજ કેસ પેપર્સ, એફ.આઈ.આર. વંચાણે લિધી. સબબ હાલના આરોપી ઉપર ગુજરાત પ્રોહિબીશન એક્ટની કલમઃ૬૬(૧)(બી),૮૫(૧) તથા જી.પી.એક્ટની કલમઃ૧૧૦,૧૧૭ મુજબના ગુનાનુ તહોમત મુકવા લાયક પ્રથમ દર્શનીય પુરાવો તપાસ એજન્સી તરફે રજુ થયેલ છે કે નહિ તેની ચર્ચા કરતા પહેલા સૌ પ્રથમ ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમઃ૮૫(૧) ની જોગવાઈ વંચાણે લઈએ તો, જો આરોપીએ કેફી પીણું પીને નિચે જણાવેલ વર્તન પૈકી કોઈ વર્તન કરેલાનું પ્રથમ દર્શનીય સાબિત થતુ હોય તો જ આરોપી ઉપર આ કલમ નિચે તહોમત મુકી શકાય. સબબ જો આરોપીએ જાહેરમાં કેફી પીણું પીનેઃ–

૧. ઉપદ્રવ સર્જેલ હોય,

૨. કોઈપણ વ્યકિત સાથે ઝઘડો કર્યો હોય,

૩. અભદ્ર અથવા અપમાનજનક ભાષાનો ઉપયોગ કર્યો હોય,

૪. અન્ય લોકો સાથે લડાઈમાં પોતે સંડોવાયેલ હોય,

૫. કોઈપણ સ્ત્રી સાથે ગેરવર્તણુંક અથવા

૬. અશ્લીલ વર્તનુ કર્યુ હોય,

**૨.** પ્રસ્તુત કેસમાં તપાસ એજન્સીનો રિપોર્ટ અને ચાર્જશીટ સાથે મોકલવામાં આવેલ દસ્તાવેજને ધ્યાનમાં લઈને, જો તેઓને સંપુર્ણ રીતે સાબિત થયેલા માની લેવામાં આવે તો પણ, હાલનાં આરોપીને ઉપર જણાવેલ વર્તણુંકો પૈકી કોઈ વર્તન કરેલાનુ ખુદ તપાસ એજન્સી દ્વારા ચાર્જશીટમાં જણાવેલ નથી. આથી, આરોપી સામે પ્રોહિબિશન એક્ટની કલમ–૮૫(૧) હેઠળના ગુનાનું તહોમત મુકી શકાય તેવો પ્રથમદર્શનીય પુરાવો પણ રેકર્ડ પર આવેલ નથી. સબબ આંકઃ૦૧ તળે નિચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– હુ ક મ –**

**૧.** હાલના આરોપીને તેમની સામેના આક્ષેપીત ગુન્હો ગુજરાત પ્રોહિબીશન એકટની કલમઃ૮૫(૧) તથા જી.પી.એક્ટની કલમઃ૧૧૦,૧૧૭ ના તહોમતમાંથી, બિનતહોમત મુક્ત કરવામાં આવે છે અને બાકીની કલમો પુરતી ટ્રાયલ આગળ ચલાવવાનો આદેશ કરવામાં આવે છે.

તારીખઃ૨૨/૦૬/૨૦૨૪.
મુકામઃઅમદાવાદ

(દેવાંગ ચંદ્રવદન રાવલ)
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નંબરઃ૦૯, અમદાવાદ.
જજ કોડ નંબરઃજીજે.૦૧૨૦૯.

ફોજદારી કેસ નંબર:73998-2024

**– આંક:૧ લગત હુકમ –**

આ કામનાં આરોપી વિરૂદ્ધ પ્રોહી કલમઃ૬૬(૧)(બી),૮૫(૧) તથા જી.પી.એક્ટની કલમઃ૧૧૦,૧૧૭ ગુન્હા મુજબનુ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. પરંતુ આ કામે હાલના આરોપી સામે મુકવામાં આવેલ આક્ષેપીત ગુના સબબ પ્રોહિબીશન એક્ટની કલમઃ૮૫(૧) તથા જી.પી.એક્ટની કલમઃ૧૧૦,૧૧૭ મુજબના ગુના અંગે કોઈ પુરાવો ન હોય જેથી આંકઃ૦૧ લગત હુકમ કરી, આરોપીને સદર ગુનામાંથી બિનતહોમત છોડી મુકવામા આવેલ હોય, જ્યારે હાલના આરોપી સામે પ્રોહીબિશન એક્ટની કલમઃ૬૬ (૧) બી મુજબનો ગુનો બનતો હોય જેથી તે મુજબના ગુનાની પ્લી નોંધવામાં આવેલ છે. જે કામે આરોપી હાજર થતા સદરહૂ ગુન્હો કબુલ કરી પ્રથમ ગુન્હો હોવાનુ તથા ગરીબ કુટુબકબીલાવાળા માણસ હોવાનું જણાવે છે અને ભવિષ્યમાં આવો કે આવા પ્રકારનો ગુન્હો ન કરવાની કોર્ટને બાંહેધરી અને ખાત્રી આપે છે. તેમજ સદરહુ ગુનો ભુલથી થઈ ગયેલ છે. ગુનો કરવાનો કોઈ બદઈરાદો ન હતો. રીઢા ગુનેગાર નથી. ગુનાનુ ફરીવાર પુનરાવર્તન નહિ કરવાની ખાત્રી આપેલ છે. આરોપીની કબુલાત સ્વૈચ્છીક જણાઈ આવે છે. આરોપીની સ્વેચ્છીક ગુના કબુલાત તથા કેસના સંજોગો ધ્યાને લેતા અને સજાની જોગવાઈ અંગેના નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૫ જી.એલ.આર.પાના નં.૭૦૯ ઉપર પ્રકાશીત ચુકાદાના માર્ગદર્શક સિદ્ધાંતોને ધ્યાનમાં લેતા, આરોપીને ઓછી સજા કરવી ન્યાયોચીત જણાય છે. આરોપીને સુધરવાની તક મળે તે હેતુથી અને કેસના સંજોગોને ધ્યાનમાં લઈ ન્યાયના હિતમાં નિચે મુજબનો આખરી હુકમ કરૂ છુ.

**– હુ ક મ –**

૧. આ કામના આરોપીને ક્રિ.પ્રો.કો.કલમઃ૨૫૨ અન્વયે પ્રોહીબિશન એક્ટની કલમ-૬૬ (૧) (બી) મુજબના ગુન્હામાં દોષિત ઠરાવી, સદરહૂ ગુન્હો કરવા બદલ મજકૂર આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા દંડ રૂ.**૨૦૦/– (**અંકે રૂપીયા **બસો પુરા)** ફરમાવવામાં આવે છે, જો દંડ ન ભરે તો તેને વધુ દિવસ **બે** ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

આ હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીંગ અન્વયે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.

તા.૨૨/૦૬/૨૦૨૪.

(દેવાંગ ચંદ્રવદન રાવલ)
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, અમદાવાદ
કોર્ટ નંબર-૦૯.
Unique Code No. GJO1209.

આર.કે.સોનારા.